# 19. કાવ્યદ્વયી

## સ્વાધ્યાય

### 1. નીચેના પ્રશ્નોના એક-એક વક્યોમાં ઉત્તર લખો:

**1) મેદની શા માટે ભેગી થઈ હશે ?**

- ક્રૉસ પર ખીલે જડી દેવામાં આવ્યા હતા.

**2) વધસ્તંભ પર કોને જડી દેવામાં આવ્યા હતા ?**

- વધસ્તંભ પર ઈશું ખ્રિસ્તને જડી દેવામાં આવ્યાં હતા.

**3) ખીલા સામે જોઈને લુહાર એકશ્વાસે શું બોલે છે ?**

- ખીલા સામે જોઈને લુહાર એકશ્વાસે બોલે છે કે મેં આ ખીલા તો મકાન બાંધવા માટે ઘડ્યાં હતાં. અરે, આ ખીલા પર તો અહીં ઈશુ ખ્રિસ્તને જડી દેવાયા !

### 2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વક્યોમાં ઉત્તર લખો:

**1) કૌંસમાં આપેલી કાવ્યપંક્તિ દ્વારા કવિ શું કહેવા માંગે છે ?**

- કવિએ કૌંસનો વિશિષ્ટ ઉપયોગ, કાવ્યના ગૂઢ સંદેશને વ્યક્ત કરવા માટે કર્યો છે. પોતાના હાથે ઘડેલ ખીલા વડે ઈશુ ખ્રિસ્તને વધસ્તંભ ઉપર ચઢાવેલા જુએ છે. વૃદ્ધ એકશ્વાસે ઈશુનું રક્ત ટપકતું જુએ છે. ઈશુ માનવજાતના અવતારી પુરુષ(મસિહા) છે. એ રક્ત જે સંદેશો પાઠવે છે તે સૂર્ય-ચંદ્ર જેવાં કવિએ પ્રયોજેલા સંદર્ભથી અર્થસભર બને છે, આમ કાવ્ય દ્વારા વ્યક્ત થતા માનવજાતના ચિરંજીવ સંદેશને વ્યક્ત કરવા કવિએ (કાવ્ય પ્રયુક્તિરૂપે) કૌંસનો ઉપયોગ કર્યો છે.

**2) લુહાર શું જુએ છે ? એનું હૃદય શી વ્યથા અનુભવે છે ?**

- લુહાર ક્રુસ પર ઈશુ ખ્રિસ્તને ખીલે જડેલા જુએ છે. તેમના દેહમાંથી લોહી નીતરતું જોઈને તે દ્રવિત થઈ જાય છે. ખીલાનું સર્જન પ્રાણઘાતક બનશે એવું વિચાર્યું નહોતુ. શું એને માટે એણે ખીલા ઘડ્યા હતા ? એણે તો સારી ભાવનાથી મકાન બાંધવામાં ઉપયોગી થાય એ હેતુથી ઘડ્યા હતા. એને બદલે આનો આવો દુરુપયોગ !! આ વિચારથી એનું હૃદય વ્યતિથ થઈ જાય છે.